## હરિની દ્રષ્ટિ... - હરિન ભટ્ટ




બહેન, એ કહો આ વેકેશન તમે નાચવા માટે આપ્યું છે કે વાંચવા માટે...??

# બ્રહ્મસમાજ જીવનસાથી પસંદગી સંમેલન ૨૮મીએ વડોદરામાં યોજાશે

ગાંધીનગર, તા.૯

શ્રી ચાણકય સેવા ટ્રસ્ટ તથા વડોદરા જિલ્લા સમસ્ત બ્રહ્મસમાજના ઉપક્રમે તા. ૨૮મી ઓકટોબરના રોજ યોજાનાર જીવનસાથી પસંદગી સંમેલનમાં મુખ્ય મહેમાન પદે મીનાબેન મહેતા તથા પ્રદેશકક્ષાના પ્રમુખ શૈલેષભાઈ મહેતા, ધારાસભ્ય ડભોઈના સૌજન્યથી બરોડા પબ્લિક સ્કુલ કલાદર્શન ચાર રસ્તા, વાઘોડિયા રોડ-વડોદરા ખાતે સવારે સાડા નવ વાગે યોજાશે. ગાયત્રી ઉપાસક હર્ષદબાવાના આશીર્વાદ સાથે કાર્યક્રમનો પ્રારંભ થશે.

# કરૂણા એનિમલ એમ્બ્યુલન્સ-૧૯૬૨ સેવાનો રાજ્યના ૨૬ જિલ્લામાં પ્રારંભ

ગાંધીનગર, તા. ૯

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ સ્પષ્ટપણે જણાવ્યું છે કે રાજ્ય સરકાર જીવ માત્રની ચિંતા કરીને સંવેદનશીલતાથી કાર્યરત છે.

બધાને જીવવાનું અભય વચન મળે એ જવાબદારી સ્વીકારીને આ સરકાર સંપુર્ણ સંવેદના સાથે વ્યક્તિથી સમષ્ટિની ચિંતા કરનારી ઋજુ હદયી સરકાર છે. જાડી ચામડીની સંવેદનાહીન સરકાર નથી, તેમ પણ તેમણે ઉમેર્યુ છે.



વિજયભાઈ રૂપાણીએ મૂંગા પશુજીવોને ઈજા કે બિમારીમાં તત્કાલ સારવાર ઉપલબ્ધ કરાવતી ‘કરૂણા એનિમલ એમ્બ્યુલન્સ ૧૯૬૨’નો રાજયના ૨૬ જિલ્લામાં ગાંધીનગરથી પ્રારંભ કરાવ્યો હતો.

નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલ અને મંત્રીઓ સર્વ ભૂપેન્દ્રસિંહ ચુડાસમા, કુંવરજીભાઈ બાવળિયા અને બચુભાઈ ખાબડની ઉપસ્થિતિમાં મુખ્યમંત્રીએ આ એમ્બ્યુલન્સ વાનોને પ્રસ્થાન સંકેત આપ્યો હતો.

મુખ્યમંત્રીએ કહ્યું કે જીવ માત્ર પ્રત્યે કરૂણા દયા ભાવ સાથે ‘જીવો જીવવા દો અને જીવાડો’ના સંવેદના ભાવથી ઉત્તરાયણ પર્વે ૧૦ થી ૨૦ જાન્યુઆરી સુધી રાજયવ્યાપી ‘કરૂણા અભિયાન’ શરૂ કરી પક્ષીઓને પતંગ દોરાથી થતી ઈજામાં સારવાર આપી સુરક્ષા આપી છે. અગાઉ ૨૫ હજાર જેટલા પક્ષીઓ પતંગ દોરાથી ઈજા પામતા તે ઘટીને ૪ હજાર જેટલા થયા છે. પક્ષીઓ પશુઓ માટે આઈ.સી.યુ. જેવી અદ્યતન સારવાર સુવિધા આ સરકારે શરૂ કરી છે.

મુખ્યમંત્રીએ સાફ શબ્દોમાં જણાવ્યું કે આપણી તો સંસ્કૃતિ જ ગાયને માતા માનનારી અને આત્મામાં પરમાત્મા જોનારી સંસ્કૃતિ છે એટલે પશુ રક્ષાથી પશુધન સુરક્ષિત બને, પશુ ધનનું સંવર્ધન થાય અને તે થકી શ્વેત ક્રાંતિ આવે તે માટે સરકાર આગળ વધી રહી છે.



ખેલ મહાકુંભ અંતર્ગત જિલ્લા કક્ષાની અન્ડર-૧૪ કેટેગરીની બાસ્કેટબોલ સ્પર્ધા યોજાઈ હતી. જેમાં હિલવુડ સ્કુલની ટીમ-એ રનર્સ અપ બનવા પામી હતી. આ ટીમના ૮ ખેલાડીઓની રાજય કક્ષાએ રમવા માટે પસંદગી થવા પામી છે.

# પંચાયત સેવા કર્મચારી મહામંડળની સામાન્ય સભા અંબાજી ખાતે યોજાઈ

## પ્રમુખ પ્રકાશ ત્રિવેદીએ સિનિયર કલાર્કની જગ્યા નાયબ ચીટનીસથી અપગ્રેડ કરવા સરકારને જાહેર અનુરોધ કર્યો

ગાંધીનગર, તા. ૯





ગુજરાત રાજ્ય પંચાયત સેવા કર્મચારી મહામંડળની વાર્ષિક સામાન્ય સભા તા. ૭મી ઓક્ટોબરે અંબાજી ખાતેના ચૌધરી વિશ્રાંતિગૃહમાં યોજાઈ હતી. જેમાં આશરે ૫૦૦થી વધુ કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમના પ્રારંભે યોજાયેલ સન્માન સમારોહમાં ગુજરાત રાજય મંડળના પ્રમુખ પ્રકાશ ત્રિવેદી, ઉપપ્રમુખ રાજુભાઈ ઉપાધ્યાય, મહામંત્રી રાજેશભાઈ ટીલાવત તેમજ અન્ય હોદ્દેદારો તેમજ બનાસકાંઠા જિલ્લા પંચાયતના પ્રમુખ ધાસુરાભાઈ ઉપસ્થિત રહ્યાં હતા. બનાસકાંઠા જિલ્લા પંચાયત દ્વારા મહામંડળના હોદ્દેદારોનું શાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું હતું.

સન્માન સમારંભ બાદ વાર્ષિક સામાન્ય સભા પ્રારંભ થઈ હતી જેમાં મહામંત્રી રાજેશ ટીલાવતે એજન્ડા રજૂ કર્યા પછી ઉપપ્રમુખ રાજુભાઈ ઉપાધ્યાયે કર્મચારીઓના પ્રશ્નોના ઉત્તર આપ્યાં હતા તેમજ તમામ જિલ્લા પંચાયતોમાંથી એક-એક પ્રતિનિધિને કારોબારીમાં સમાવવા સાથે બે નવા સલાહકાર સભ્યોની જાહેરાત કરી હતી. પ્રમુખ પ્રકાશ ત્રિવેદીએ તેજાબી વાણીમાં કર્મચારીઓની એકતાને બિરદાવી સરકાર દ્વારા સિનિયર કલાર્કની જગ્યા અપગ્રેડ કરી નાયબ ચીટનીસ કરવા હકારાત્મક નિર્ણય લેવા સરકારને જાહેરમાં અપીલ કરી હતી. સામાન્ય સભામાં તમામ કર્મચારીઓના સહકાર બદલ આભાર માનતા તેમણે ભવિષ્યમાં તમામ પ્રકારના કાર્યક્રમો માટે તૈયાર રહેવા હાંકલ કરી હતી. સભાનું આયોજન બનાસકાંઠા જિલ્લા પંચાયતના સૌજન્યથી કરવામાં આવ્યું હતું. તેનો આભાર માનવામાં આવ્યો હતો. કાર્યક્રમનું સંચાલન ચંપકભાઈ લિમ્બાચીયાએ અને આભારવિધિ વી.ટી. સોનીએ કરી હતી.



ગાંધીનગરના સેકટર-૧૩ એ સ્થિત નાગેશ્વર મહાદેવ ચોક ખાતે સોમવારે રાત્રે યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ દ્વારા જિલ્લા કક્ષાનો પરંપરાગત પ્રચારના માધ્યમોનો સાંસ્કૃતિક કાર્યક્રમ લોક ડાયરો યોજાયો હતો. આ લોક ડાયરામાં નરહરદાન ગઢવી, રાજતરંગ રાજુભાઈ શ્રીમાળી, નાગરભાઈ પ્રજાપતિ, મધુભાઈ વ્યાસ, મયુરીબેન ચાવડા, જશુભાઈ શ્રીમાળી, રજનીકાંત મિસ્ત્રી, રાજુભાઈ બર્વે તથા રમેશ રમકડું જેવા કલાકારોએ શ્રોતાઓને મંત્રમુગ્ધ કર્યા હતા.

# આર્યસમાજ ખાતે સાપ્તાહિક સત્સંગ યોજાયો

ગાંધીનગર, તા.૯

ગાંધીનગરના સેકટર-૨૪માં આર્યસમાજ ખાતે રવિવારે બૃહદ યજ્ઞની સંપન્નતા બાદ સાપ્તાહિક સત્સંગ યોજાયો હતો. જેમાં વૈદિક મિશનરી પં. કમલેશકુમાર અગ્નિહોત્રીએ વકતવ્ય પ્રસ્તુત કર્યુ હતું.

આ પ્રસંગે પં. કમલેશકુમાર અગ્નિહોત્રીએ કહ્યું હતું કે ‘મનુષ્યને ઉત્તમ જીવન જીવવા માટે જે કાંઈ જ્ઞાન-વિજ્ઞાનની જરૂર પડે તે તમામ જ્ઞાન વેદોમાં છે.’ આ સાથે તેમણે આયુર્વેદને પણ વેદનો એક ભાગ જણાવી સ્વસ્થ નિરોગી જીવન માટે તેને અપનાવવા હાકલ કરી હતી. આ સાથે તેમણે શ્રોતાઓને દાન-પુણ્યનું મહત્વ સમજાવ્યું હતું. કાર્યક્રમના સમાપને શ્રોતાઓએ મહાપ્રસાદનો લ્હાવો લીધો હતો.

# ભારતીય વાયુદળનો ૮૬મો સ્થાપના દિવસ ઉજવાયો

ગાંધીનગર, તા. ૯

દેશની સીમાઓની સુરક્ષાની સાથે સાથે વિવિધ કુદરતી આપત્તિ સમયે સામાજિક દાયિત્વ નિભાવવામાં પણ ભારતીય વાયુદળ હંમશા અગ્રેસર રહ્યું છે, તેમ સ્વાક, ગાંધીનગર ખાતે ભારતીય વાયુદળના ૮૬મા સ્થાપના દિવસની ઉજવણી નિમિત્તે રાજયપાલ ઓ.પી. કોહલીએ જણાવ્યું હતું.




ભારતીય વાયુદળના ૮૬મા સ્થાપના દિવસે વાયુદળના તમામ વાયુયોદ્ધાઓને શુભેચ્છા આપતાં કોહલીએ કહ્યું હતું કે, ભારતીય વાયુદળ ઉપર આપણને ગૌરવ છે. આજે ભારતીય વાયુદળ વિશ્વના શ્રેષ્ઠ વાયુદળમાંથી એક છે. ચાલુ વર્ષે ભારતીય વાયુદળે ગગનશક્તિ સફળ અભ્યાસ દ્વારા યુદ્ધ કૌશલ્ય ક્ષેત્રે શ્રેષ્ઠ પ્રદર્શન કર્યુ છે. આ યુદ્ધ અભ્યાસે વાયુદળને નવી ઉંચાઈ અપાવી છે. ગગનશકિત અભ્યાસમાં સ્વાકનું પ્રદાન નોંધપાત્ર રહ્યું છે. સ્વાક, ગાંધીનગરે યુદ્ધ સમયે જ નહીં પણ સ્વચ્છ ભારત અભિયાન, સોલાર એનર્જી, વૃક્ષારોપણ-પર્યાવરણ જતન અને યોગનો વિકાસ થકી સામાજિક જવાબદારી પણ ઉત્તમ રીતે નિભાવી છે. ભારતીય વાયુદળ વિશ્વમાં સફળતાની સિદ્ધિઓ હાંસલ કરે તેવી શુભેચ્છાઓ રાજયપાલે આ પ્રસંગે પાઠવી હતી.

સાઉથ વેસ્ટન એર કમાન્ડના એર ઓફિસર કમાન્ડિંગ ઈન ચીફ એર માર્શલ એચ.એસ. અરોરાએ સ્વાગત પ્રવચન કરતાં જણાવ્યું હતું કે, તા.૮ ઓકટોબર-૧૯૩૨ના રોજ ઈન્ડિયન એરફોર્સની સ્થાપના કરવામાં આવી હતી. સ્થાપનાથી અત્યાર સુધી વાયુદળ તમામ પ્રકારના ઓપરેશન માટે સક્ષમ છે. દેશમાં કુદરતી આપત્તિ સમયે દેશવાસીઓની મદદ માટે વાયુદળ હંમેશા તત્પર રહે છે. અરોરાએ વાયુદળના ૮૬મા સ્થાપના દિવસ નિમિત્તે તમામને શુભેચ્છાઓ આપી હતી. આ ઉજવણી પ્રસંગે ભારત નાટ્યમ, ગુજરાતી ગરબા, સોલો સોન્ગ, લોકનૃત્ય તેમજ મહિલા સશક્તિકરણ અંગે નૃત્ય સહિતના વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ કરવામાં આવ્યા હતા.

આ પ્રસંગે રાજ્યના મુખ્ય સચિવ ડૉ.જે.એન. સિંઘ, વાયુદળના ઉચ્ચ અધિકારીઓ, જવાનો સહિત તેમના પરિવારજનો ઉપસ્થિત રહ્યા હતા.

# આદિજાતિ સલાહકાર પરિષદની બેઠક યોજાઈ

ગાંધીનગર, તા. ૯

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ રાજ્યના અંતરિયાળ-છેવાડાના ગામોના સમ્યક અને સમતોલ વિકાસ માટે પેસા એક્ટ, જમીન સનદો, સિંચાઈ, શિક્ષણ, ટ્રાન્સપોર્ટ, રસ્તા જેવી ઈન્ફ્રાસ્ટ્રકચર સુવિધાઓની વૃધ્ધિ માટે સંબંધિત વિભાગો વિશેષ કાળજી દાખવે તેવો પ્રેરક અનુરોધ કર્યો છે. આ સંદર્ભમાં તેમણે છેવાડાના માનવી અને વિસ્તારોને પણ વિકાસની મુખ્ય હરોળમાં લાવવાની પ્રતિબધ્ધતા વ્યકત કરી હતી.

મુખ્યમંત્રી ગાંધીનગરમાં યોજાયેલી આદિજાતિ સલાહકાર પરિષદના અધ્યક્ષ સ્થાનેથી સંબોધન કરી રહ્યા હતા. તેમણે કહ્યું કે, રાજ્યના આદિજાતિ વિસ્તારોમાં પણ આરોગ્ય શિક્ષણની સુવિધા આદિજાતિ બાળકોને ઘર આંગણે મળે તે માટે મેડીકલ કોલેજીસ શરૂ કરી છે. તબીબો પણ ત્યાં સ્થાનિક ઉપલબ્ધ બનાવ્યા છે. આરોગ્ય સેવાઓની જેમજ શિક્ષણની અન્ય સુવિધાઓનો વ્યાપ વધુ વિસ્તારવો છે.



મુખ્યમંત્રીએ આદિજાતિ વિસ્તારોમાં મુખ્યત્વે સિંચાઈ માટે પાણી, વીજળી, ફોરેસ્ટ એકટ, પંચાયતના નિયમો વગેરેને કારણે છેવાડાના ગામો-વંચિતોને જે નાની-મોટી સમસ્યાઓ હોય તેનું બધા જ સંબંધિત વિભાગો સાથે મળીને ઉકેલ-નિવારણ લાવે તે માટે માર્ગદર્શન આપ્યુ હતું.

તેમણે ઉમેર્યુ કે, કેન્દ્ર સરકારે દેશના જે ૧૧૭ જિલ્લાઓને એસ્પીરેશનલ ડ્રીસ્ટ્રીકટ જાહેર કર્યા છે તેમાં ગુજરાતના બે આદિજાતિ જિલ્લા નર્મદા અને દાહોદનો સમાવેશ થયેલો છે.

દાહોદે પ્રથમ ક્રમ મેળવ્યો છે જ્યારે નર્મદા ૧૭માંથી ૯ માં ક્રમે આવી ગયુ છે ત્યારે હજુ વધુ આદિજાતિ વિકાસલક્ષી કાર્યોને વેગ આપીને નર્મદાને પણ આગળ લાવવાની નેમ તેમણે વ્યકત કરી હતી. આદિજાતિ કલ્યાણમંત્રી ગણપતસિંહ વસાવાએ રાજ્ય સરકારની આદિજાતિ કલ્યાણ યોજનાઓની જિલ્લાવાર પ્રગતિની સમીક્ષા કરી હતી. રાજ્ય મંત્રીઓ સર્વ રમણભાઈ પાટકર, બચુભાઈ ખાબડ, આદિજાતિ વિસ્તારોના ધારાસભ્યો, મુખ્ય સચિવ ડૉ. જે. એન. સિંહ, મુખ્યમંત્રીના મુખ્ય અગ્ર સચિવ કૈલાસનાથન તેમજ વિવિધ વિભાગોના અધિક મુખ્ય સચિવો, વરિષ્ઠ સચિવો અને અધિકારીઓ જોડાયા હતા.

